જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૦/૨૦૧૪ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૫૮૨/૧૪**

**ધાર્મિક જગ્યાઓ તેમજ મેળાઓની ભીડનો લાભ લઇ મોંઘા મોબાઇલ ફોનની ચોરી કરતાં બે ઇસમોને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચના થી પોલીસ ઇન્સ્પેક્ટર કિરણ પટેલની ટીમના પો.સબ.ઇન્સ.રાજેશ સુવેરા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સાથેના પો.કોન્સ.રમેશગીરી ભાનુદાસગીરી નાઓને મળેલ ચોકક્સ બાતમી હકિકત આધારે (૧) સુરેશ ઉર્ફે સુર્યો નામદેવ ગાયકવાડ(મરાઠી) ઉવ.પર રહેવાસી સંતોષીનગરના છાપરા કુબેરનગર અમદાવાદ શહેર (૨) ઉદારામ ઉર્ફે કારો કિશનચંદ ઠકરાણી સિંધી ઉવ.૪૬ રહેવાસી મકાન નં.૧૬૫, એફ વોર્ડ સિંધી ધર્મશાળા પાસે કુબેરનગર અમદાવાદ શહેર નાઓને છ મોંઘી બ્રાન્ડના મોબાઇલ ફોન જે તમામ ફોનની કિંમત રુ.૫૮૦૦૦/- તથા ઓટોરીક્ષા કિં.રુ.૭૦૦૦૦/- ની મળી કુલ રુ.૧,૨૮,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓની પુછ પરછ કરતાં તેઓએ જણાવેલ છે કે અમદાવાદ શહેર તથા તેની આજુબાજુના વિસ્તારોમાં ધાર્મિક મેળાવડા, તેમજ ભીડભાડ વાળી જગ્યાઓ આ ઇસમો ભીડનો લાભ લઇ નજર ચુકવી ખિસ્સામાંથી મોબાઇલ ફોન સેરવી લેતાં હતાં.

પકડાયેલ બંને ઇસમો પૈકી સુરેશ ઉર્ફે સુર્યો નામદેવ ગાયકવાડ અગાઉ ઘણી વખત મોબાઇલ ફોન ચોરીઓમાં પકડાઇ ચુકેલાની કેફીયત જણાવે છે આ ઇસમો પાસેથી મળી આવેલ પાંચેય મોબાઇલ ફોન મોંઘી મોંઘી બ્રાન્ડના જેવાં કે સેમસંગ ગેલેક્ષી નોટ-૨, સેમસંગ ગેલેક્ષી નોટ-૩, એલ.જી કંપનીના મોબાઇલ ફોનની ચોરી કરતાં હતાં જેમાં આ ચોરેલ ફોન તેઓને પુછ પરછ કરતાં આજથી આશરે સાડા ચાર માસ અગાઉ ડભોડા હનુમાનજીના મંદિરે ગયેલા અને ત્યાં લોકોની ભીડભાડ માંથી તથા બીજો નવરંગપુરા આશ્રમ રોડ પર આવેલ સીટી ગોલ્ડ થિયેટર પાસે ગયેલા અને ત્યાં લોકોની ભીડમાંથી તથા ત્રીજો સરદારનગરમાં આવેલ આશાપુરા દુધઘર નામની દુધની દુકાન આગળ થી તથા એક મોબાઇલ ફોન પંદરમી ઓગસ્ટના રોજ ગાંધીનગર સિનેમેક્ષ થિયેટર થી તેમજ એક મોબાઇલ ફોન રાત્રીના સમયે મેમ્કો ચાર રસ્તા પાસે આવેલ ચા ની કિટલી પર થી તેમજ એક બીજો ફોન ડભોડા હનુમાનજી મંદિર ના કંપાઉન્ડમાં માણસોની ભીડભાડ હોય

ઉપરોક્ત બંને ઇસમો ઉદારામની ઓટોરીક્ષા લઇ આજરોજ કોઇ ગ્રાહક મળે તો તેને સસ્તા ભાવમાં વેચી દેવા સારુ આ મોબાઇલ ફોન લઇને નિકળેલ હતાં દરમ્યાન તેઓને ઓટોરીક્ષા તેમજ ચોરીના કુલ-૬ મોબાઇલ ફોન સાથે બંને ઇસમોને પકડી પાડેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.